સ્પે. દી. મુ. નં. ૪૯ / ૨૦૧૮

**<u>આંક ૦૧ લગત હુકમ</u>**

આજરોજ સદર કામના વાદી નં. (૧), (૨) તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થઇ આંક ૧૧ થી વીથ ડ્રો પુરશીસ રજુ કરી સદર કામે વાદી તથા પ્રતિવાદી વચ્ચે દાવાવિષયક જમીન સંબંધી કોર્ટ બહાર સમાધાન થયેલ હોય દાવો આગળ ચલાવવા માંગતાં નથી તેવી હકીકત જાહેર કરી દાવો પરત ખેંચવા માંગણી કરેલ છે. સદર કામે વાદી તર્ફે રજુઆત કરેલ છે કે, વાદી નં. (૩) બહારગામ હોય તેઓ દ્વારા દાવા બાબતે વાદી નં. (૧) તથા (૨) ને સુચના આપેલ છે તે મુજબ હાલની પુરશીસ રજુ કરેલ છે. આમ, દાવાના પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર સમાધાન થયેલ હોય વાદી સ્વેચ્છાએ હાલનો દાવો આગળ ચલાવવા માંગતાં ન હોય તેમજ પરત ખેંચવા માંગતાં હોય વાદીને બીનશરતી દાવો પરત ખેંચવા પરવાનગી આપી આંક ૧૧ થી રજુ પુરશીસ આધારે હાલનો દાવો તે મુજબ ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે.

નિયમ મુજબ કોર્ટ ફી રીફંડ વાદીના નામજોગ કાઢી આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૧ માહે સપ્ટેમ્બર, ૨૦૨૧ ના દીને નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(પ્રિતેશ જગદીશચંદ્ર કાયસ્થ)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
માંડવી, જી. સુરત
(જીજે૦૧૦૫૩)

Self